**ગ્રીન ફટાકડાં:** આગ અને ધુમાડો પેદા કરે એવા ફટાકડાં ફોડવાનું ટાળો. જો તમે ફટાકડાં ફોડવાં ઇચ્છતાં હોય, તો ગ્રીન ફટાકડાં અજમાવો.

**માટીના કોડિયામાં દીપ પ્રકટાવો:** ઇલેક્ટ્રિક લાઇટ કે મીણબત્તી પ્રકટાવવાને બદલે પરંપરાગત માટીના કોડિયામાં દીપ પ્રકટાવો. તેલના દીવા પ્રદૂષણ ફેલાવતા નથી, જ્યારે મીણનો નાશ થઇ શકતો નથી. સ્થાનિક સ્તરે હાથથી માટીના દીવા બનાવતાં હસ્તકલાના કારીગરો / નાના વેપારીઓ પાસેથી  કોડિયા ખરીદો, જેથી તેમને પણ દિવાળીની ઉજવણી કરવામાં આર્થિક મદદ મળે.

**પર્યાવરણને અનુકૂળ સુશોભન:** મોસમી ફૂલો અને પાંદડાનો ઉપયોગ દિવાળીના સુશોભન માટે કરો. સુશોભન માટે જૂનાં દુપટ્ટાઓ, સિલ્કની સાડીઓ વગેરેનો ઉપયોગ કરવાનું વિચારો. તમારાં બાળકોને સામેલ કરો અને જૂની સીડી, બંગડીઓ તથા અન્ય કળાત્મક સામગ્રીનો ઉપયોગ કરીને સુશોભન માટેની રસપ્રદ ચીજવસ્તુઓ બનાવો.

**કુદરતી રંગોની રંગોળીઓ:** રંગોળી બનાવવા માટે રસાયણયુક્ત રંગોનો ઉપયોગ કરવાને બદલે કુદરતી રંગો (ચોખાનો પાવડર, હળદર વગેરે)નો ઉપયોગ કરો કારણ કે, રસાયણયુક્ત રંગો તમારી ત્વચાને નુકસાન કરે છે તથા જમીન કે પાણીમાં પ્રદૂષણ ફેલાવે છે. તમારી રંગોળીમાં ફૂલો, પાંદડીઓ, અનાજના દાણા અને કઠોળનો ઉપયોગ કરો. ઉપરાંત રંગોળી માટે  ઉપયોગ કરેલા અનાજ-કઠોળને પછી પાણીથી ધોઈ ચકલાના ચણ તરીકે ઉપયોગ કરો અથવા આ અનાજનો રસોઇમાં ઉપયોગ કરી શકે તે માટે ગરીબોને દાન કરો.

**ભેટ:** પર્યાવરણની કાળજી રાખીને તમારી દિવાળીની ભેટસોગાદો પસંદ કરો. છોડવાની ભેટ આપો. પ્લાસ્ટિકની બેગને બદલે શણ કે કાપડની થેલીનો ઉપયોગ કરીને ખરીદી કરો. રંગબેરંગી કાગળ કે પ્લાસ્ટિકથી વીંટાળેલી ભેટ આપવાનું ટાળો અથવા આ માટે ફેબ્રિક કે રિસાઇકલ કરેલા પેપરનો ઉપયોગ કરો. આપણાથી ઓછા નસીબદાર લોકોને ભૂલશો નહીં. ગરીબ / અનાથ બાળકો માટે અને અન્ય વંચિત લોકો માટે થોડી ભેટ ખરીદો.



**ખરીદી:** તમે દિવાળીમાં નવા કપડાં અને ભેટસોગાદની ખરીદી કરવા ઇચ્છો એવું બની શકે છે. તમારી ખરીદશક્તિને સંયમિત રાખો કારણ કે, વધારે પડતી ખરીદીથી કુદરતી સંસાધનોનાં ઉપયોગમાં વધારો થશે અને તમારા ઘરમાં વધારાની ચીજવસ્તુઓ જમા થશે. વળી, ઓનલાઇન ખરીદી કરવાને બદલે તમારી આસપાસની દુકાનોમાંથી ખરીદી કરો, જેથી સ્થાનિક વેપારીઓને ટેકો મળે. ઉપયોગ કરેલી ચીજવસ્તુઓ ફેંકી દેવાને બદલે તેનો ઉપયોગ કરી શકે એવા સગાસંબંધીઓ અને જરૂરતમંદોને આપો. તમે ઉપયોગી ચીજવસ્તુઓ એકત્ર કરી અને એનું જરૂરતમંદો વચ્ચે વિતરણ કરતા સીઇઆરસીના પ્રોજેક્ટ 'આપ લે નો ઓટલો'ને પણ દાન કરી શકો છો.

**જૈવિક રીતે નાશ કરી શકાય એવી કટલરી:** જો તમે દિવાળીમાં નાનો મિલન સમારંભ રાખો, તો જૈવિક રીતે નાશ કરી શકાય તેવી પ્લેટ, કપ અને ગ્લાસનો ઉપયોગ કરો. કેળાના પાનનાં પતરાળાં અને વાંસની પ્લેટ સારાં વિકલ્પો છે. કુલ્હડ (માટીના પાત્રો)માં પીણું પીરસો. પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો.

**તહેવારનો કચરો:** તહેવારોમાં મોટા પાયે કચરો જમા થઇ શકે છે. કચરાને અલગ કરો અને જવાબદારી સાથે એનો નિકાલ કરો.

*MoEF&CC's Environmental Information System, Resource Partner on Environment Literacy- Eco-friendly Labeling & Eco-friendly Products*

*Consumer Education and Research Centre*

@cerc_envis

@EcoProductsEcoLabeling

*Let us celebrate Eco-friendly Diwali*